Public Health England

NHS

# NHS એબ્ડોમિનલ એઓર્ટિક એન્યુરીઝમ (AAA) સ્ક્રીનિંગ પ્રોગ્રામ

Gujarati

## તમારી અંગત માહિતીનો અમે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ

### (કેટલીકવાર તેને અંગત વિગતો કહેવાય છે)

તમારી અંગત માહિતીનો અમે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તે તમે સમજો તે અગત્યનું છે. કૃપા કરીને આ કાર્ડ વાંચો અને જો તમને કોઈ પ્રશ્નો કે ચિંતા હોય, તો અમને તુરંત જ જાણ કરો.

તમે જીપી પાસે નોંધાયેલાં હોવાથી, ઈંગ્લેન્ડમાં NHS હેઠળ કરવામાં આવતા એબ્ડોમિનલ એઓર્ટિક એન્યુરીઝમ (abdominal aortic aneurysm – AAA) તપાસ (સ્ક્રીનિંગ) માટે તમે હકદાર છો. અમારી નીતિમાં ફેરફાર થાય, તો આના માટે ભવિષ્યમાં તમને વધુ તપાસ માટે બોલાવવા ફરીથી તમારો સંપર્ક કરવામાં આવી શકે છે. તમારી સંભાળના ભાગરૂપે, અમે તમારી વિગતો તપાસમાં સંકળાયેલ અથવા તે પછી કરવામાં આવતી તપાસો અને સારવારમાં સંકળાયેલ NHSનાં આરોગ્ય વ્યવસાયિકોને મોકલીએ એવું બને. સલામત અને અસરકારક સ્ક્રીનિંગની સેવાઓ અમે પૂરી પાડી શકીએ તેમાં અમારી મદદ માટે, અમે તમારા વિશેની અને સ્ક્રીનિંગ ક્લિનિકની તમારી મુલાકાતો વિશેની વિગતો અમારી કમ્પ્યુટર સિસ્ટમ (AAA માટેની રાષ્ટ્રિય સ્ક્રીનિંગ સિસ્ટમ)માં નોંધીએ છીએ. આ માહિતીમાં તમારી તબિયત વિશેના પ્રશ્નોના તમારા જવાબો, તમારા એઓર્ટાના ફોટા તેમજ માપ જે અમે ક્લિનિકમાં નોંધીએ છીએ તેનો સમાવેશ થાય છે.

અમે આ માટે તમારી પરવાનગી માગીએ છીએઃ

1. તમારા વિશેની અને સ્ક્રીનિંગ ક્લિનિકની તમારી મુલાકાતો વિશેની વિગતો રાષ્ટ્રિય AAA સ્ક્રીનિંગ સિસ્ટમ પર સંગ્રહ કરવા અને સલામત તેમજ અસરકારક સ્ક્રીનિંગ પૂરું પાડવામાં અમારી મદદ માટે આ માહિતીનો ઉપયોગ કરવા માટે
2. AAA માટે તમારી તપાસ કરવા (જેમાં તમારા પેટનું અલ્ટ્રાસાઉન્ડ સ્કૅન કરવામાં આવે છે) અને તમને તેનું પરિણામ જણાવવા માટે

3. જો તમને AAA થયું હોવાનું જણાય, તો તમારી અંગત માહિતી નેશનલ વેસ્ક્યુલર રજિસ્ટ્રી (National Vascular Registry - NVR) દ્વારા વેસ્ક્યુલર સર્જનને મોકલી આપવા માટે. જો જરૂર પડે તો પુરૂષોને સમયસર તેમજ ઊચ્ચ ગુણવત્તાની સારવાર મળી રહે તેની ખાતરી કરવા માટે અમારે આ કરવું જરૂરી છે.

4. તમારી અંગત માહિતીનો ઉપયોગ સંશોધન હેતુસર તમે કરવા દેશો કે નહિ તે પૂછવા માટે તમારો સંપર્ક કરવો.

**કૃપા કરીને નોંધ લેશો કે તમે ઉપરોક્ત મુદ્દા 1, 2 અને 3 સાથે સહમત થશો તો જ અમે તમારી તપાસ કરી શકીએ છીએ.**

તમે આ તપાસ નહિ કરાવવાનું પસંદ કરશો, તો અમે એ બતાવતી નોંધ રાખીશું કે અમે તમારો સંપર્ક કર્યો હતો અને તમારી તપાસ કરવામાં આવી નથી એવું અમે તમારા જીપીને પણ જાણ કરીએ એવું બને.
**તમારી અંગત માહિતી ઉપર અમે કેવી રીતે કાર્યવાહી કરીએ છીએ તે ઉપર વધારે માહિતી માટે** NHS Choices **જુઓ**: www.nhs.uk/aaa.

**ઈમેઈલ**: PHE.screeninghelpdesk@nhs.net; **વેબસાઈટ**: www.nhs.uk/aaa

સુધારેલ ઓગસ્ટ 2016